# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

Ref no. PN 2025-26/222 Dt. 25/11/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા જર્ની ટુ ફાયનાન્સિયલ ફ્રિડમ વિષે સેશન યોજાયું

**વેલ્થ ક્રિએશન એ માત્ર માઇન્ડ સેટથી આવે છે, જ્યાં પૈસા અને જીવન બંને કલીયર હોય એના માટે રોકાણ કરવું પણ કલીયર છે અને એ વ્યકિત વેલ્થ ક્રિએટ કરી શકે છે : ડો. ધનંજય બાંથિયા**

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે 'જર્ની ટુ ફાયનાન્સિયલ ફ્રિડમ' વિષે સેશન યોજાયું હતું, જેમાં બિઝનેસ કન્સલ્ટન્ટ એન્ડ સોશ્યલ આંત્રપ્રિન્યોર ડો. ધનંજય બાંથિયાએ ઉદ્યોગ સાહસિકો તથા પ્રોફેશનલ્સને બિઝનેસમાં આર્થિક સ્વતંત્રતા મેળવવા સંદર્ભે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં બિઝનેસમાં ટકી રહેવું હોય તો નોલેજ અપડેશન, પેલોડ મેનેજમેન્ટ, ફાઇનાન્સિયલ પ્લાનિંગ અને માર્કેટ ડાયનેમિકસને સમજવું અત્યંત જરૂરી બન્યું છે. 'જર્ની ટુ ફાઈનાન્શિયલ ફ્રીડમ' જેવા સેશન્સ ઉદ્યોગ સાહસિકોને વ્યવસાયમાં યોગ્ય રોકાણની દિશા અને લાંબા ગાળાના વિકાસ માટે જરૂરી માર્ગદર્શન આપે છે. તેમણે વધુમાં ઉલ્લેખ કર્યો કે, ચેમ્બર ઓફ કોમર્સ ઉદ્યોગોને જ્ઞાન, માર્ગદર્શન અને નેટવર્કિંગના અવસર પ્રદાન કરવા પ્રતિબદ્ધ છે.

આ સેશનના કી–નોટ સ્પીકર તરીકે ડો. ધનંજય બાંથિયાએ જણાવ્યું હતું કે, વેલ્થ ક્રિએશન એ માત્ર માઇન્ડ સેટથી આવે છે. જ્યાં પૈસા અને જીવન બંને કલીયર હોય એના માટે રોકાણ કરવું પણ કલીયર છે અને એ

વ્યકિત વેલ્થ ક્રિએટ કરી શકે છે. જે લોકો રૂપિયા ર કરોડનો ફલેટ ૮૦ ટકા લોન પર ખરીદે છે તેને લોકો અભિનંદન આપે છે, જ્યારે એસઆઇપીમાં રોકાણ કરનારને ગભરાવે છે. તેમણે કહયું હતું કે, કોરોનાએ ભારતમાં લોકોની વિચારધારા બદલી નાંખી છે. કોવિડ પછી લોકો હવે વધારે ફરી રહયા છે. પહેલા તેઓ જે જતું કરતા હતા તે હવે નથી કરતા. લોકો હવે ફોર્મલ ઇકોનોમીમાં આવી રહયા છે, આથી ઇકોનોમીની પેટર્ન બદલાઇ રહયા છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ભવિષ્યમાં ખર્ચા વધારે થવાના છે. જે લોકો અત્યારે યુવાન છે તેઓ વૃદ્ધ થશે ત્યારે તેઓના પૈસા યુવાન થવા જોઇએ, એટલા માટે લોકોએ અત્યારથી જુદા જુદા સ્તરે રોકાણ કરીને આર્થિક સ્વતંત્રતા મેળવવી પડશે. આર્થિક સ્વતંત્રતા માત્ર પૈસા કમાવવામાં નથી, પરંતુ પૈસા વિશે યોગ્ય સમજ, શિસ્તબદ્ધ રોકાણ, રિસ્ક મેનેજમેન્ટ અને ડાઇવર્સિફિકેશન જેવી બાબતોમાં નિષ્ણાત થવાથી મળે છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરના હોદ્દેદારો, સભ્યો, ઉદ્યોગ સાહસિકો તથા પ્રોફેશનલ્સ સેશનમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના સભ્ય ડો. રાકેશ દોશીએ સમગ્ર સેશન અને પ્રશ્નોત્તરી સેશનનું સંચાલન કર્યું હતું. કમિટી સભ્ય શ્રી ઉદય ધાંધલે વકતાનો પરિચય આપ્યો હતો.